**PHONES**

PATAN : 220228 , 230068
PATAN : 221347 , 230808
UNJHA : 253419
Website : www.dpthakker.com

# D.P.THAKKER & CO.

TAX CONSULTANTS
" SHREE KUNJ " STATION ROAD
PATAN (N.G.) 384265

---

તા .૨૭/૦૬/૨૦૧૭

ભાઈશ્રી

GST નો કાયદો આવશે કે મોડો આવશે એવા તર્ક ચાલતા હતા. પરંતુ આ GST કાયદો તારીખ:-૦૧/૦૭/૨૦૧૭ થી અમલ માં આવે છે તે જાહેર થયું છે અને વેટ, સેન્ટ્રલ એકસાઈઝ તથા સર્વિસ ટેક્ષ તા.૦૧/૦૭/૨૦૧૭ થી બંધ થાય છે. એટલે આ GST કાયદાથી ગંજ બજારના વેપારીઓ અને બીજા વેપારીઓ તથા મેન્યુફેકચરરને ટેક્ષ પોઝીશનમાં શું ફેરફારથાય છે તે સમજવું ખુબ જરૂરી છે

(૨) GST કાયદો આપણા માટે નવો એટલા માટે છે કે આ કાયદામાં વેટ અને સર્વિસ ટેક્ષ ઉપરાંત મુખ્યત્વે સેન્ટ્રલ એકસાઈઝ કાયદાની જોગવાઈઓનો સમાવેશ વિપુલ પ્રમાણમાં કરવામાં આવેલ છે જેના વિષે મોટા ભાગના વેપારીઓ માહિતગાર નથી.

(૩) વેટ કાયદા હેઠળ વેચાણ-ખરીદી ઉપર ટેક્ષ ભરવાનો થાય તેમ સમજીએ છીએ અને સર્વિસ માટે અલગ કાયદો જોગવાઈ છે. જયારે GST કાયદામાં માલ નું વેચાણ-ખરીદી અને સર્વિસ ટેક્ષ કાયદાની જોગવાઈ નો એક સાથે સમાવેશ કરેલ છે. જેના પરિણામે દરેક વેપારીને આ GST કાયદા હેઠળ માલના વેચાણ ખરીદ ઉપરાંત સર્વિસ ટેક્ષ ની જોગવાઈ પણ લાગુ પડે છે .

(૪) વેટ કાયદા હેઠળ જેમ માફી માલની અનુસૂચી છે તેમ GST કાયદા હેઠળ માફી માલ માટે શૂન્ય(NIL) રેટ બતાવેલ છે.

(૫) <u>માર્કેટ યાર્ડ માં મુખ્યત્વે વેચાતી ચીજો ઉપર વેરાનો દર</u>:-

(૧) ઓઈલસીડ્સ - તેલીબીયા એટલેકે કપાસિયા, એરંડા, તલ, રાયડો, અજમો, સનફલાવર સીડ્સ, સોયાબીન, વરીયાળી, મેથી, જીરું, ધાણા, સરસવ, ઇસબગુલ, ભૂસી કપાસ ઉપર ૫% લેખે GST લાગશે

નોંધ:- (૧) ઉપરોક્ત માલનું " બિયારણ " વેચવામાં આવેતો ટેક્ષ નો દરNIL છે.

(૨) પરંતુ માર્કેટયાર્ડમાં ખેડૂતોના ખેતીના માલ તરીકે વેચાતી ઉપરોક્ત ચીજ વસ્તુઓ "બિયારણ" નથી એટલે તેના ઉપર ૫% લેખે GST લાગશે.

(૬) માર્કેટયાર્ડ માં વેપાર કરતા વેપારીઓના મુખ્યત્વે ચાર વર્ગ છે. જેમકે (૧)ફટકીયા દલાલ (૨)કાચા આડતિયા (૩)પાકા આડતિયા અને (૪) ટ્રેડર્સ -સ્ટોકીસ્ટ વિગેરે આ ચાર પ્રકારના વેપારીઓને GST કાયદા હેઠળ લાગુ પડતી જોગવાઈઓ નીચે મુજબ છે

(૧) <u>ફટકીયા દલાલ :-</u>

ફટકીયા દલાલ વેચનાર અને ખરીદનાર ને ભેગા કરી આપે છે. એટલેકે વેચનાર ખરીદનારને સીધું વેચાણ કરી બીલ આપે છે અને ખરીદનાર વેચનાર ને સીધું પેમેન્ટ આપે છે જયારે ફટકીયા દલાલને વેચનાર અને ખરીદનાર પાસેથી દલાલી મળે છે.

D.P.THAKKER & CO.

આ સંજોગોમાં ફટકીયા દલાલને આવા ખરીદ્વેચાણ ઉપર GST ભરવાની જવાબદારી રહેતી નથી. પણ વેચનાર અને ખરીદનાર જે દલાલી આપે તેના ઉપર GST લાગશે.

(૨) <u>કાચા આડતિયા:-</u>

(૧) ખેડૂત પોતાનો ખેતી પેદાશનો માલ કાચા આડતિયાને વેચવા મોકલે છે/ લાવે છે. અને ખેડૂત GST કાયદા હેઠળ URP( અનરજીસ્ટર્ડ પર્સન) છે. તેથી કાચા આડતિયાએ " રીવર્સ ચાર્જ " જોગવાઈ હેઠળ GST ભરવો પડે.

(૨) આ માટે કાચા આડતિયાએ ખેડૂતનું ટેક્ષ ઇન્વોઇસ બનાવવું પડે જેમાં માલની કિંમત બજાર ભાવ પ્રમાણે લેવી પડે.આ સંજોગો માં મોટા ભાગે ખેડૂતનો માલ આવે એવો તુરંત વેચાતો હોય તો જે ભાવે માલ વેચાણો હોય તે ભાવથી ટેક્ષ ઇન્વોઇસ બનાવી શકાય અને તેના ઉપર ૫% પ્રમાણે "રીવર્સ ચાર્જ " GST ભરવો પડે પરંતુ માલ જો ખેડૂતને ટકાવવો હોય એટલેકે નજીકના ભવિષ્ય માં વેચવો ના હોય તો બજાર કિંમત પ્રમાણે ઇન્વોઇસ બનાવી "રીવર્સ ચાર્જ " પ્રમાણે ૫% GST લગાવવો પડે અને તે GST ની રકમ ચલણ થી સમયસર ભરી દેવી જોઈએ.

(૩) ખેડૂત ના માલનું વેચાણ થઇ જાય પછી ખેડૂત ને પેમેન્ટ વાઉચર આપવું પડે જેનો નમુનો આ સાથે જોડેલ છે.

(૪) વેચનાર વેપારી માર્કેટમાં હરાજીમાં ખરીદ કરતા વેપારીને જે બીલ આપે તેમાં માલની કિંમત તથા ખરાજાત (કાંઈ હોયતો) તથા કમીશન લગાવીને જે રકમ થાય તેના ઉપર માલ ઉપર લાગતા દરે ટેક્ષ લાગે જેમકે ઉપરોક્ત ગંજ બજારની આઈટમ ઉપર ૫% ટેક્ષ લાગે છે. તેથી બીલમાં લગાડેલ કમીશન ઉપર પણ ૫% ટેક્ષ લાગે. અને કોઈ માફી માલનું આ રીતે વેચાણ કરેલ હોય તો આ રીતે બીલમાં લગાડેલ કમીશન ઉપર ટેક્ષ લાગે નહિ. કારણ જે ચીજ વસ્તુનું વેચાણ કરેલ દં. તે માફી માલ છે.

(૫) કાચા આડતિયા ને ત્યાં રજીસ્ટર્ડ વેપારી માલ વેચવા મોકલે તો માલ મોકલનારે જાંગડ માલ વેચવા મોકલ્યાનું ટેક્ષ ઇન્વોઇસ બનાવવું અને તેનો GST ભરવો પડે અને આવા બીલમાં "માલ જાંગડ વેચવા માટે મોકલેલ છે" તેમ લખવું . અને જ્યારે માલ વેચાય ત્યારે આવો માલ વેચી આપનારે માલ મોકલનાર ને વેચાણ આંકડો મોકલવો પડે અને વધઘટ ની રકમ માટે માલ વેચવા મોકલેલ વેપારીએ જરૂર મુજબ ડેબીટ નોટ/ક્રેડીટ નોટ આપવી પડે જેની વિગત માસિક રીટર્ન માં બતાવવાની રહે જેના ઉપર તેણે GST લગાવીને ભરવો પડે.

(૬) રાજ્ય બહારના GST કાયદા હેઠળ રજીસ્ટર્ડ વેપારી કાચા આડતિયા ને ત્યાં માલ વેચવા મોકલે તો તેના માટે પણ ઉપર પ્રમાણે ની રાજ્ય ના RP વેપારીને લાગુ પડતી જોગવાઈ લાગુ પડે. આવો માલ મોકલનાર વેપારી બીલમાં IGST લગાવશે

(૭) રીવર્સ ચાર્જ હેઠળ ખેડૂતના માલના વેચાણ ઉપર જે GST ભરવો પડે તે ખેડૂત પાસેથી ઉઘરાવી શકાતો નથી પણ ખેડૂત ના માલનું જે વેચાણ કરેલ હોય તેના ઉપર ઉઘરાવેલા GST સામે ભરેલો રીવર્સ ચાર્જ ટેક્ષ બાદ મળે.

પોતાના ટ્રેડીંગ ખાતાના ખરીદ વેચાણ ઉપર પણ ઉપર પ્રમાણે GST લાગે અને

D.P.THAKKER & CO.

ખરીદી ઉપર ભરેલા ટેક્ષની ઈનપુટ ક્રેડીટ મળે

(૮) આ રીતે માલના વેચાણ ઉપર ૫% GST લાગે છે. તે ટેક્ષ બે ભાગમાં એટલેકે ૨.૫% ટેક્ષ SGST અને બાકીનો ૨.૫% CGST તરીકે બીલમાં અલગ ઉઘરાવવો પડે.

(૧૧) આ રીતે દરેક બીલમાં CGST અને SGST લગાવેલ હોય તેની સામે બાદ મળતી ઈનપુટની ક્રેડીટ બાદ કરતા જે રકમ વધે તેનું ચલણ ભરવું પડે

(૧૨) ઉપરની જોગવાઈ રાજ્ય માં કરેલા આંતરિક વેચાણ (સપ્લાય) ને લાગુ પડે છે પરંતુ જો આવું વેચાણ (સપ્લાય) આંતરરાજ્ય કરવામાં આવેતો IGST ૫% લાગે જેની ક્રેડીટ નીચે પ્રમાણે મળશે.

આ રીતે IGST ની જે રકમ ભરવાની થાય તેની સામે જો IGST ની ઈનપુટ ક્રેડીટ લેવાની બાકી હોયતો તે પ્રથમ બાદ મળશે. અને બાકીની રકમમાંથી CGST પહેલા બાદ મળશે.અને પછી જો રકમ ભરવાની રહેતી હોય તો SGST બાદ મળશે.

(3) <u>પાકા આડતિયા તથા સ્ટોકીસ્ટ – ટ્રેડર્સ :-</u>

(૧) એક્ષપોર્ટ માટે ખરીદ કરનાર વેપારીએ પણ ઉપર મુજબ ટેક્ષ ભરીને ખરીદી કરવી પડે અને માલનું એક્ષપોર્ટ કર્યા પછી ખરીદ ઉપર ભરેલા GST નું રીફંડ માંગવું પડેએક્ષપોર્ટ વેચાણ ઉપર કોઈ ટેક્ષ લાગશે નહી.

(૨) ગુજરાત બહારના વેપારી કમીશન એજન્ટને ત્યાં માલનો સ્ટોક રૂ ૨૦ લાખથી વધુ રકમ નો કરાવે તો બહારના વેપારીએ ગુજરાતનો GSTIN નંબર લેવો પડે.

(૩) પોતાના માલનું વેચાણ ગુજરાતમાં કરવામાં આવે તેના ઉપર ૨.૫% SGST અને ૨.૫% CGST લાગે અને ખરીદી ઉપર ભરેલા ટેક્ષની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ મળે.

(૪) માલખાતાનો વેપાર કરતા વેપારી R.P. પાસેથી ખરીદ કરેતો બીલમાં લાગેલ GST ની ટેક્ષ ક્રેડીટ મળશે.

(૫) પણ જો URP પાસેથી ખરીદ કરે તો ટેક્ષ ઇન્વોઇસ બનાવી રીવર્સ ચાર્જ મુજબ GST ભરવો પડે. અને તેની ક્રેડીટ ભરવાપાત્ર ઉઘરાવેલ GST સામે મજરે મળે.

(૬) આંતરરાજ્ય વેચાણ કરેતો IGST ભરવો પડે. અને SGST તથા CGST ની ક્રેડીટ બાદ મલે.

(૭) પરદેશથી માલની ઈમ્પોર્ટ કરવામાં આવે તો કસ્ટમ ડ્યુટી ભરતી વખતે જ કસ્ટમ ડ્યુટી માટે આકારેલ કિંમત પ્રમાણે ટેક્ષ ઇન્વોઇસ બનાવી IGST ભરવો પડે જેની ટેક્ષ ક્રેડીટ મળે.

(૮) માલ પરત માટે પણ TAX INVOICE બનાવવું પડે. અને ટેક્ષ ચાર્જ કરવો પડે.

(૯) આકસ્મિક કારણોસર એટલે કે આગ લાગવાથી કે ચોરી થવાથી માલનો નાશ થાયતો તેની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ ઓછી કરવી પડે.

(૪) <u>જોબવર્ક :-</u>

(૧) સને-૨૦૧૭-૧૮ દરમિયાન જોબવર્ક કરનારને જોબવર્ક ચાર્જ મજુરીની રીસીપ્ટ રૂ.૨૦ લાખથી વધુ હોય કે જ્યારે થાય અને જો તેવો URP હોય તો નવા GST કાયદા હેઠળ રજીસ્ટ્રેશન નંબર લેવો પડે.

D.P.THAKKER & CO.

(૨) જોબવર્ક કરનાર પાસે ૩૦-૦૬-૨૦૧૭ સુધીમાં જોબવર્ક માટે માલ આવેલો હોય તે કામ તારીખ-૦૧-૦૭-૨૦૧૭ પછી પૂરું થાય તો પછી નવા GST કાયદાની જોગવાઈ લાગુ પડે. એટલે આ અંગે રૂબરૂ આવી ટ્રાન્ઝીસનલ પ્રોવિઝન ની સમજ મેળવી લેવી .

(૩) તારીખ ૦૧-૦૭-૨૦૧૭ પછી જોબવર્ક માટે જે માલ આવે તે અંગેની સમજ પણ રૂબરૂ આવીને મેળવી લેવી.

**(૫) નીચેની સર્વિસ ઉપર રીવર્સ ચાર્જ લાગે છે :-**

| અનુ. નંબર | સર્વિસની વિગત | સર્વિસ આપનાર | સર્વિસ પ્રોવાઇડરે ભરવાનો ટેક્ષ | સર્વિસ મેળવનાર | સર્વિસ મેળવનારે ભરવાના GST ની રકમ |
|---|---|---|---|---|---|
| (૧) | નોન ટેક્ષેબલ ટેરીટરી માંથી ટેક્ષેબલ ટેરીટરીમાં નોન એસેસી ઓન લાઈન રીસીપીયન્ટ (OIDAR) સિવાયના ને સર્વિસ પૂરી પડવાની હોઈ | નોન ટેક્ષેબલ ટેરીટરી માં રહેનાર | NIL | ટેક્ષેબલ ટેરીટરી માં બિઝનેસ કરનાર કે સર્વિસ મેળવનાર | લાગુ પડતા દરે પૂરેપૂરો GST |
| (૨) | ગુડ્સ ટ્રાન્સપોર્ટ એજન્સી મારફત રોડ રસ્તેથી માલનું ટ્રાન્સપોર્ટેશન કરવાનું હોઈ | ગુડ્સ ટ્રાન્સપોર્ટ એજન્સી (GTA) | NIL | (૧) ફેક્ટરી એક્ટ હેઠળ નોંધાયેલ ફેક્ટરી<br>(૨) સોસાયટી રજીસ્ટ્રેશન કાયદા હેઠળ નોંધાયેલ સોસાયટી<br>(૩) કો.ઓ.સોસાયટી<br>(૪) CGST/SGST/IGST કાયદા હેઠળ રજીસ્ટર વેપારી<br>(૫) કોઇપણ કાયદા હેઠળ અસ્તિત્વમાં આવેલ કોર્પોરેટ બોડી<br>(૬) નોંધાયેલી કે બિન નોંધાયેલી ભાગીદારી પેઢી અને એશોશીયેસન ઓફ પર્સન<br>(૭) કેઝ્યુઅલ ટેક્ષેબલ પર્સન | લાગુ પડતા દરે પૂરેપૂરો GST |
| (૩) | ડાયરેક્ટલી કે ઇન ડાયરેક્ટલી એડવોકેટ કે એડવોકેટ પેઢી દ્વારા પૂરી પાડવામાં આવતી લીગલ સર્વિસ | એડવોકેટ કે એડવોકેટની ફર્મ | NIL | કોઈપણ બિઝનેશ કરનાર | ઉપર મુજબ |
| (૪) | લવાદી ટ્રીબ્યુનલ દ્વારા સેવા આપવામાં આવે | લવાદી ટ્રીબ્યુનલ | NIL | કોઈપણ બિઝનેશ કરનાર | ઉપર મુજબ |
| (૫) | સ્પોન્સરશીપ સર્વિસીસ | કોઈપણ વ્યક્તિ કે પેઢી કે કંપની કે સંસ્થા | NIL | કોઈપણ કોર્પોરેટ કે ભાગીદારી પેઢી | ઉપર મુજબ |
| (૬) | નીચે જણાવ્યા સિવાય ની સેવાઓ ગવર્મેન્ટ કે લોકલ ઓથોરીટી દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ<br>(૧) સ્થાવર મિલકત ભાડે રાખવામાં આવી હોય<br>(૨) પોસ્ટ ઓફીસ દ્વારા સ્પીડ પોસ્ટ, એક્સપ્રેસ પાર્સલ પોસ્ટ, લાઈફ ઇન્સ્યુરન્સ અને સરકાર સિવાયનાં ને એજન્સી સર્વિસ આપવામાં આવે<br>(૩) એરપોર્ટ કે બંદરની બહાર કે અંદર | ગવર્મેન્ટ કે લોકલ ઓથોરીટી | NIL | કોઈપણ બિઝનેશ એન્ટીટી | ઉપર મુજબ |

D.P.THAKKER & CO.

| | | | | | |
|---|---|---|---|---|---|
| | એકરાફ્ટ કે વ્યસલ ને પૂરી પાડવામાં આવતી સર્વિસ<br>(૪) માલની કે પેસેન્જરની ટ્રાન્સપોર્ટ દ્વારા હેરફેર | | | | |
| (૮) | કોઈપણ કંપનીના ડાયરેક્ટર કે બોડી કોર્પોરેટ દ્વારા એજ કંપનીને એજ બોડી કોર્પોરેટની પૂરી પાડવામાં આવતી સેવા | કંપનીના ડાયરેક્ટર કે બોડી કોર્પોરેટ | NIL | કંપની કે બોડી કોર્પોરેટ | ઉપર મુજબ |
| (૯) | ઇન્સ્યોરન્સ નો બિઝનેશ કરનારને ઇન્સ્યોરન્સ એજન્ટ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવા | ઇન્સ્યોરન્સ એજન્ટ | NIL | ઇન્સ્યોરન્સ બિઝનેશ કરનાર | ઉપર મુજબ |
| (૧૦) | રીકવરી એજન્ટ દ્વારા બેન્કિંગ કંપની કે ફાયનાન્સીયલ સંસ્થા કે નોન બેન્કિંગ ફાયનાન્સીયલ કંપનીને પૂરી પાડવામાં આવતી સેવા | રીકવરી એજન્ટ | NIL | બેન્કિંગ કંપની ફાયનાન્સીયલ ઇન્સ્ટીટયુશન કે નોન બેન્કિંગ ફાયનાન્સીયલ ઇન્સ્ટીટયુશન | ઉપર મુજબ |
| (૧૧) | ભારત બહારથી ભારતમાં કસ્ટમ સ્ટેશન ક્લીયરન્સ સુધી વેસલ (સ્ટીમર) માં પૂરી પાડવામાં આવતી માલની હેરફેરની સેવા | નોન ટેક્ષેબલ ટેરીટરી માં આવેલ પર્સન દ્વારા નોન ટેક્ષેબલ ટેરીટરી માં આવેલ પર્સન ને | NIL | કસ્ટમ એક્ટ હેઠળની વ્યાખ્યા પ્રમાણેના ઇમ્પોર્ટર | ઉપર મુજબ |
| (૧૭) | કોપી રાઈટ કાયદા હેઠળ નોંધાયેલ ઓરીજીનલ લિટરરી, ગ્રામેટીક, મ્યુઝીકલ કે આર્ટીસ્ટ વર્કના ટ્રાન્સફર કે વાપરવાના હકોની સેવા | જેણે કોપી રાઈટ મેળવેલ હોય તેવા લેખક કે મ્યુઝીકલ કમ્પોઝર, ફોટો ગ્રાફર, આર્ટીસ્ટ વિગેરે | NIL | પબ્લીશર્સ, મ્યુઝીક કંપની કે પ્રોડ્યુસર | ઉપર મુજબ |
| (૧૮) | રેડિયો ટેક્સી કે ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર દ્વારા પૂરી પાડવામાં આવતી પેસેન્જર ટ્રાન્સપોર્ટ સેવા | ટેક્સી ડ્રાઈવર કે રેન્ટ એ કેબ ઓપરેટર | NIL | કોઇપણ પર્સન | ઇલેક્ટ્રિક કોમર્સ ઓપરેટરે લાગુ પડતા દરે GST ભરવો પડે. |

નોંધ :- કેઝ્યુઅલ ટેક્ષેબલ પર્સન એટલે પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિની વ્યાખ્યા નીચે પ્રમાણે છે.

"પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિ એટલે ધંધાની પ્રવૃતિ દરમિયાન જ્યાં પોતાના ધંધાનું કોઇપણ નિયત સ્થળ આવેલું ના હોય તેવા વેરાપાત્ર પ્રદેશમાં મુખ્ય એજન્ટ તરીકે અથવા બીજીકોઈ હેસિયતથી, પ્રસંગોપાત માલ અથવા સેવા અથવા તે બન્ને પુરા પાડવા સહિતની લેવડ-દેવડ કરતી હોય તેવી વ્યક્તિ.

**(૬) GST કાયદા હેઠળ માફી માલ માટે NIL રેટ લખેલો છે અને માફી માલ માટે કોઈ એક સીડ્યુલ આપેલું નથી પણ GST રેટ માટે જુદા જુદા ધંધા ના પ્રકાર હેઠળ ના કુલ ૯૮ ચેપ્ટર આપેલા છે. અને તે દરેક ૯૮ ચેપ્ટરમાં જે વસ્તુ માફી છે તેની સામે NIL લખેલું છે. અને જે જે વસ્તુ ઉપર GST ના દર જે નક્કી કર્યાં છે તે લખેલા છે.એટલે મોટા ભાગ ના ગંજ બજાર ના વેપારીઓને લાગુ પડતી**

**ચીજ વસ્તુના દર આગળ ઉપર જણાવેલ છે તે સિવાયની વસ્તુઓ ઉપરના વેરાના દર અમારી પાસેથી જાણી લેવા .**

**તેવી જ રીતે જુદા જુદા પ્રકારની સર્વિસીસની વિગત તથા લાગુ પડતા દર અને ઈનપુટ ટેક્ષ ક્રેડીટ મળશે કે નહિ મળે તેની વિગત શીડ્યુલ માં આપેલી છે અને જે સર્વિસીસ માફીમાં છે તેની પણ વિગત શીડ્યુલમાં આપેલી છે. એટલે ખાસ પ્રકારની કોઈ સર્વિસ આપવાની હોય ત્યારે તેના ઉપર સર્વિસ ટેક્ષના દર ની વિગત અમારી પાસેથી મેળવી લેવી. બિલ્ડરો તથા કોન્ટ્રાકટરોએ તેમને લાગુ પડતા GST પ્રોવિઝનસ અમને રૂબરૂ મળીને સમજી લેવા .**

**(૭) <u>બીલો (ઇન્વોઇસ) કેવી રીતે બનાવવા?</u>**

(૧) GST કાયદા માં બે પ્રકાર ના બીલો બનાવવાની જોગવાઈ છે (૧) ટેક્ષ ઇન્વોઇસ અને (૨) બીલ ઓફ સપ્લાય.

(૨) <u>ટેક્ષ ઇન્વોઇસ વેપારીએ નીચેના કેસમાં બનાવવાનું છે</u>

(૧) ટેક્ષેબલ માલ નું વેચાણ કરવામાં આવે ત્યારે

(૨) સામે ના વેપારીને GST નંબર ન હોય કે ખરીદનાર કન્ઝ્યુમર હોય અનેGST નંબર ન હોય તો પણ ટેક્ષેબલ માલના વેચાણ માટે ટેક્ષ ઇન્વોઇસ આપવાનું રહેશે.

(3) ટેક્ષેબલ માલનું આંતર રાજ્ય વેચાણ કરવામાં આવે કે એક્ષપોર્ટ વેચાણ કરવામાં આવે તો પણ ટેક્ષ ઇન્વોઇસ આપવાનું રહેશે એકસપોર્ટના ઇન્વોઇસમાં "**SUPPLY MEANT FOR EXPORT ON PAYMENT OF IGST/ON BOND OR UNDERTAKING**" તેમ લખવાનું રહેશે

(3) બીલ ઓફ સપ્લાય (BILL OF SUPPLY) વેપારીએ નીચેના કેસ માં બનાવવાનું રહેશે

(૧) જ્યારે ટેક્ષ ફ્રી માલનું વેચાણ કરવામાં આવે ત્યારે

(૨) રૂ. ૭૫ લાખ સુધીનું ટર્ન ઓવર ધરાવતા વેપારીઓ જેમણે કંપોજીશન(લંપસમ) ટેક્ષ ભરવાનો વિકલ્પ (OPTION) સ્વીકારેલ હોય તેમણે તેમના તમામ વેચાણો માટે બીલ ઓફ સપ્લાય આપવું પડે.

(૪) (૧) ઇન્વોઇસ બનાવવા માટે કોઈ સ્પેશીયલ ફોરમેટ આપેલ નથી પરંતુ તેમાં નીચેની વિગત આવવી જોઈએ.

વેચનાર વેપારીનું નામ, સરનામું, ફોન નંબર, ઈ-મેલ ID. (હોયતો), બીલ નંબર, બીલ તારીખ, **GST** આઇડેન્ટિટી નંબર(GSTIN), માલ લેનાર નું નામ, સરનામું, રાજ્ય, રાજ્ય કોડ, માલની ડીલેવરી જ્યાં કરવાની હોય તેનું સરનામું, માલનું નામ, વજન, ભાવ, કિંમત, HSN કોડનંબર, બીલમાં અન્ય જે ખર્ચ લગાવતા હો જેવાકે ખરાજાત, મજુરી, માર્કેટ ફી, વીમો, ટ્રાન્સપોર્ટ ખર્ચ, કમીશન વિગેરે તથા ટેક્ષની રકમ.

(૨) આ સાથે ટેક્ષ ઇન્વોઇસ તથા બીલ ઓફ સપ્લાય નો નમુનો જોડેલ છે તે જોઇને તમને અનુકુળ હોય તે રીતના ઇન્વોઇસ બનાવી શકાય તેમાં વિગતો ઉપર લખ્યા મુજબની બધી આવવી જોઈએ.

(3) જે વેપારીઓ કોમ્પ્યુટર માં ચોપડા લખે છે તેમને એકાઉન્ટીંગ સોફ્ટવેર કંપનીઓ પણ આવા ઇન્વોઇસ નો પ્રોફોર્મા આપશે. જે પણ ઇન્વોઇસ માં વાપરી શકાય. હવે બીલો

D.P.THAKKER & CO.

બધા કોમ્પુટર માં બનાવવા સલાહ ભર્યું છે કારણ જો બીલો કોમ્પુટર માં બનેલા હશે તો જે તે મહિનો પુરો થયે થી જે પત્રકો ભરવાના છે તે સોફ્ટવેર થી તરત તૈયાર થઇ શકશે અને તમે અમને GST રીટર્ન ભરવાની વિગતો વહેલાસર આપી શકશો.

(૪) દરેક ચીજ વસ્તુના HSN કોડ નક્કી કરવામાં આવેલ છે. જે આઠ આંકડાના છે. કઈ વસ્તુના તથા કયા પ્રકારના વેપારીઓ એ HSN કોડ બીલમાં લખવા તે સરકારશ્રી દ્વારા નોટિફાય કરવામાં આવશે હાલમાં દોઢ કરોડના ટર્નઓવર સુધીના વેપારીઓએ HSN નંબર લખવાની જરૂર નથી. અન્ય વેપારીઓ માટે સરકારશ્રી નોટીફાય કરે તે પ્રમાણે HSN કોડ નંબર લખવાના રહેશે

(૫) દરેક ચીજ વસ્તુ ઉપર GST ના જે દર નક્કી કરવામાં આવેલ છે તેમાંથી અડધો ટેક્ષ સ્ટેટ ગવર્મેન્ટ તથા અડધો ટેક્ષ સેન્ટ્રલ ગવર્મેન્ટે લેવાનો છે એટલે કોઈ વસ્તુ ઉપર ૫ ટકા ટેક્ષ હોય તો ૨.૫ ટકા SGST તથા ૨.૫ ટકા CGST બીલમાં લગાવવાનો રહેશે અને બીલમાં આ બંને ટેક્ષ જુદા બતાવવા ના રહેશે અને ચલણ માં પણ બંને ની રકમો જુદા જુદા ખાનામાં ભરવાની રહેશે. આંતરરાજ્ય વેચાણોમાં લાગુ પડતા કુલ દર જેટલો IGST ચાર્જ કરવાનો રહેશે. અને ચલણ માં જુદો બતાવવાનો રહેશે.

(૬) દરેક ઇન્વોઇસ ત્રણ કોપીમાં બનાવવાનું છે જેમાંથી ઓરીજનલ કોપી માલ લેનારને, ડુપ્લિકેટ કોપી ટ્રાન્સપોર્ટર ને અને ત્રીપ્લીકેટ કોપી માલ વેચનાર (સપ્લાયર) એ રાખવાની રહેશે.

(૭) સર્વિસ માટેનું ટેક્ષ ઇનવોઈસ કે બીલ ઓફ સપ્લાય બે કોપીમાં બનાવવાનું છે જેમાંથી ઓરીજનલ સર્વિસ લેનારને આપવાનું રહેશે અને ડુપ્લીકેટસર્વિસ આપનારે રાખવાનું છે.

(૮) ટેક્ષ ઇન્વોઇસ ઉપર TAX INVOICE લખવાનું રહેશે જયારે બીલ ઓફ સપ્લાય ઉપર BILL OF SUPPLY લખવાનું રહેશે

(૯) દરેક બીલમાં ઓથોરાઇઝડ વ્યક્તિએ સહી કરવાની રહેશે. અથવા ડીજીટલ સીગ્નેચર થી પણ સહી કરી શકાશે.

**(૮) <u>તારીખ ૩૦/૦૬/૨૦૧૭ ના ક્લોઝિંગ સ્ટોક ની ક્રેડીટ :-</u>**

(૧) તારીખ ૩૦/૦૬/૨૦૧૭ ના રોજ જે કાંઈ માલ સ્ટોક રહેતો હશે તેમાં ટેક્ષ ભરીને જે માલ ખરીદ કરેલ હોય તેની ટેક્ષ ની ક્રેડીટ GST કાયદામાં પણ આગળ ખેંચીને લઇ શકાશે.

(૨) URP વેપારીને તથા વેટ કાયદામાં લંપસમ ધરાવતા વેપારીને સ્ટોકનો માલ જો ૧૨ માસથી અગાઉની ખરીદીનો હશે તો તેની ટેક્ષ ક્રેડીટ GST કાયદામાં મળશે નહિ.

(૩) છેલ્લું વેટ કાયદાનું જે રિટર્ન ભરવામાં આવે તેમાં આવી ક્રેડીટ કેરીફોરર્ડ કરેલી હોવી જોઈએ.

(૪) છેલ્લા છ માસનાં રીટર્ન ભરેલા હોવા જોઈએ.

(૫) જે માલની ટેક્ષ ક્રેડીટ GST કાયદામાં આગળ ખેંચવામાં આવે તે માલ GST કાયદામાં ટેક્ષને પાત્ર હોવો જોઈએ.

(૬) વેટ કાયદા હેઠળ આંતરરાજ્ય વેચાણ "C" ફોર્મ સામે કરેલ હોય કે "H" ફોર્મ સામે એક્ષપોર્ટ કરેલ હોય અને તે માલની ખરીદીમાં લાગેલ ટેક્ષની ક્રેડીટ માંગી હોઢ તો નિયમ મુજબ રજુ કરવાના આવા બધા

ફોર્મ આવી ગયા હોવા જોઈએ જો આવા કોઈ ફોર્મ મેળવવાના બાકી હોય તો તેની પ્રમાણસર ક્રેડીટ કાપવી પડે અને જયારે આવા ફોર્મ આવે ત્યારે માંગવાની રહે.

(૭) ક્લોઝીંગ સ્ટોક ની જે ક્રેડીટ માંગવામાં આવે તેની ખરીદીના ટેક્ષ ઇન્વોઇસ હોવા જોઈએ.

(૮) ક્લોઝીંગ સ્ટોક ની ક્રેડીટ નું સ્ટેટમેન્ટ GST TRN - 1 ૯૦ દિવસમાં ભરવાનું રહેશે

(૯) કેટલાક સંજોગોમાં સ્ટોકમાં રહેલ માલ ઉપર એકસાઈઝ ડયુટી લાગતી હોય અને એકસાઈઝ ડયુટી ભર્યાનો પુરાવો ન હોય તો પણ તેના ઉપર શરતો આધીન પાર્શીયલ ક્રેડીટ મળશે. અને સ્ટોકમાં રહેલ માલ ઉપર જો એકસાઈઝ ડયુટીઅલગ લાગેલી હોય તો તેની પુરી ક્રેડીટ મળશે.

(૧૦) ક્લોઝિંગ સ્ટોકની VAT ની જે ક્રેડીટ મળશે તે **SGST** માં બાદ મળશે. એકસાઈઝ ડયુટીની ક્રેડીટ **CGST** માં મલશે

**(૯)** GST કાયદામાં માલના ઓર્ડર સાથે એડવાન્સમાં કોઈ રકમ મળે તો તે એડવાન્સની રકમ ઉપર GST ભરવો પડે દા.ત. જુલાઈમાં કોઈ પાર્ટી પાસેથી રૂ.૧૦ લાખ નો માલ મોકલવા માટે ઓર્ડર આવ્યો અને તેની સાથે રૂ૨ લાખ નું એડવાન્સ પેમેન્ટ મળે અને માલની રવાનગી ઓગસ્ટ મહિનામાં થાય તો જુલાઈ મહિનાના રીટર્નમાં રૂ 2 લાખ નો GST ભરવો પડે અને બાકીના 8 લાખનો GST ઓગસ્ટ મહિનાનું રીટર્ન ભરો તેમાં ભરવો પડે પરંતુ એડવાન્સની રકમ જો ડીપોઝીટ ખાતામાં જમા કરવામાં આવે અને પાર્ટીને પરત કરવામાં આવે તો એડવાન્સ ઉપર ટેક્ષ ભરવાનો આવે નહી

**(૧૦)** કોઈ પાર્ટીને માલ વેચવામાં આવે અને તેનું પેમેન્ટ મોડું આવે અને જો વ્યાજ ચાર્જ કરવામાં આવે તો આવી વ્યાજની રકમ ઉપર પણ GST ભરવો પડશે.

**(૧૧) <u>ઈનપુટ ટેક્ષક્રેડીટ ની જોગવાઈ</u>**

(૧) GST કાયદામાં ટેક્ષ ભરીને જે માલ ખરીદવામાં આવશે તેની ટેક્ષની ક્રેડીટ મળશે

(૨) જે કોઈ સર્વિસ મેળવેલ હોય અને તેમાં જેGST લાગેલ હોય તેની પણ ક્રેડીટ મળશે.

(૩) આવી ક્રેડીટ લેવા માટે તેનું ટેક્ષ ઇન્વોઇસ હોવું ફરજીયાત છે અને માલ કે સર્વિસ ખરેખર મળેલ હોવા જોઈએ

(૪) ટેક્ષ ઇન્વોઇસમાં જે ટેક્ષ લાગે તે વેચનાર વેપારીએ ભરેલો હોવો જોઈએ

(૫) વેચનાર વેપારીએ આવું વેચાણ તેના રીટર્નમાં બતાવેલ હોવું જોઈએ

(૬) જે ખરીદીની ટેક્ષ ક્રેડીટ માંગવામાં આવે તેનું પેમેન્ટ ખરીદનાર વેપારીએ વેચનાર વેપારીને180 દિવસમાં આપી દેવું પડે નહીતર ટેક્ષક્રેડીટ ન મળે.

(૭) કોઇપણ કેપિટલ ગુડ્સ દા.ત. મશીનરીની ટેક્ષથી ખરીદી કરવામાં આવે તેની ટેક્ષ ક્રેડીટ મળશે,પરંતુ આવી ટેક્ષની રકમ મશીનરી ખાતે ઉધારેલ હોય અને તેનો ઘસારો માંગવામાં આવે તો ટેક્ષની રકમની ક્રેડીટ મળશે નહિ એટલે મશીનરી ખરીદીમાં જે ટેક્ષ લાગેલ હોય તે મશીનરી ખાતે ન ઉધારતા ઈનપુટ ટેક્ષ ખાતે ઉધારવો જોઈએ

(૮) GST કાયદામાં કેપીટલ ગુડ્સ ની ખરીદી ઉપર ક્રેડીટ મલશે એટલેકે ફર્નીચર, વજનકાંટો, એર-કંડીશનર, મોબાઇલ ફોન, કોમ્પ્યુટર, વિગેરેની ખરીદીમાં લાગેલ GST ની પણ ક્રેડીટ મલશે. પણ તમારો GST NO. તે બીલમાં લખાવવો તો જ તમારા ક્રેડીટ લેઝરમાં તે ટેક્ષની ક્રેડીટ આવશે આ GST ની રકમ ઉપર ઘસારો માંગી શકાશે નહિ. જો કે મોટર વ્હીકલ જેવા કે મોટર, સ્કુટર માલિક

માટે કે ભાગીદાર માટે કે ડાયરેક્ટર માટે ખરીદવામાં આવે તો આવા વ્હીકલ ની ખરીદીમાં લાગેલ GST ની ક્રેડીટ મલશે નહિ. પણ માલની ડીલેવરી કરવા માટે કોઈ વાહન ખરીદવામાં આવેતો તેની ક્રેડીટ મલશે.

(૯) જે તે મહિનાની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ જે રીટર્ન માં માંગવામાં આવે તે ઓનલાઈન મેચ કરવામાં આવશે અને જો આવી ક્રેડીટ મેચ થતી નહીં હોય તો મિસમેચ ક્રેડીટ તરીકે ઓનલાઈન બતાવશે જેની જાણ ખરીદનાર વેપારીએ ફોર્મ GSTR-2A માં કરવાની રહે જે વેચનાર વેપારીને પણ તેના GST એકાઉન્ટ માં દેખાશે અને તે આવા વેચાણના ટેક્ષ ઇન્વોઇસ ની વિગત GSTR-1A માં અપડેટ કરી શકશે અને જો આવા વેપારી આવી વિગત અપડેટ નહિ કરે તો બે મહિના પછી આવી ક્રેડીટ માંગનાર વેપારીના કેસ માં આઉટપુટ ટેક્ષ તરીકે વ્યાજ સાથે ભરવાની થશે

(૧૦) જો કોઈ ખરીદીની ક્રેડીટ માંગવાની રહી ગઈ હોય તો તે ક્રેડીટ પછીના વર્ષના સપ્ટેમ્બર મહિનાનું પત્રક ભરવાની ડ્યુડેટ કે વાર્ષિક પત્રક ભર્યાની તારીખ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધીમાં માંગી શકાય.

(૧૧) ઉત્પાદકે માલ ખરીદીમાં ટેક્ષ ભરેલ હોય પણ તૈયાર માલ ઉપર જો કોઈ GST લાગતો ન હોય તો ખરીદીમાં લાગેલ ટેક્ષની કે સર્વિસીસ ની ક્રેડીટ મળે નહિ.તેવી જ રીતે ઉત્પાદિત માલમાં એક પ્રોડક્ટ ટેક્ષેબલ હોય અને બીજી પ્રોડક્ટ ટેક્ષ ફ્રી હોય તો પ્રપોર્સનેટ ક્રેડીટ નામંજૂર કરવાની જોગવાઈ કાયદામાં કરેલ છે.જોકે વેટ કાયદા હેઠળ કોર્ટોના ચુકાદા છે કે મેઈન પ્રોડક્ટ ટેક્ષેબલ હોય તો બાય પ્રોડક્ટ ટેક્ષ ફ્રી હોવાથી કોઈ ઈનપુટ ક્રેડીટ ઘટાડી શકાય નહી એટલે આ મુદ્દો તકરારી છે

(૧૨) મોટર વિહીકલ બનાવવાનો કે વેચવાનો ધંધો ન કરતા હોય તેવા વેપારી પોતાના માટે મોટર વિહીકલ ખરીદ કરે તો તેવી ખરીદી માં લાગેલ GST ની ક્રેડીટ મળશે નહિ.

(૧૩) પોતાના ધંધા માટે રેસ્ટોરન્ટ એટલે કે ખાણી-પીણી ની સર્વિસ લીધી હોય તો તેની ટેક્ષ ક્રેડીટ મળશે નહિ.

(૧૪) ક્લબ-હેલ્થ ક્લબ અને હેલ્થ સર્વિસીસ ની ટેક્ષ ક્રેડીટ મળશે નહિ.

(૧૫) ધંધા માટે મકાન બાંધકામ ની સર્વિસ લીધેલી હોય તેમાં લાગેલGST ની ક્રેડીટ મળશે નહિ.

(૧૬) જે માલ ચોરાઈ જાય કે કોઈપણ રીતે નાશ પામે કે ગીફ્ટ તરીકે કે સેમ્પલ તરીકે આપવામાં આવે તેની ક્રેડીટ મળશે નહિ.

**(૧૨) <u>GST કાયદા હેઠળ કંપોજીશન (લંપસમ) ની જોગવાઈ :</u>**

(૧) આ સ્કીમ હેઠળ જે વેપારીનું છેલ્લા નાણાકીય વર્ષમાં રૂ૭૫ લાખ થી વધુ ટર્નઓવર ન હોય તેવા વેપારી લાભ લઇ શકશે.

(૨) આ લાભ ટ્રેડીંગ કરતા વેપારીઓ, મેન્યુફેક્ચરર્સ તથા રેસ્ટોરન્ટનો ધંધો કરનાર ને મળી શકશે

(૩) કંપોજીશનનો લાભ લેનાર વેપારી ઇન્ટરસ્ટેટ(પરપ્રાંત) વેચાણ કરી શકશે નહિ. પણ પરપ્રાંતથી ખરીદી કરી શકશે.

(૪) આવા વેપારીએ આ સ્કીમનો લાભ લીધા પછી ટેક્ષેબલ તથા ટેક્ષ ફ્રી બંને પ્રકારના માલ ઉપર કંપોજીશન ટેક્ષ ભરવો પડશે.

(૫) તારીખ-૦૧/૦૭/૨૦૧૭ થી જેમને કંપોઝીશન નો લાભ લેવો હોય તેમને ૩૦ દિવસમાં અરજી કરવાની રહેશે. અને આવા વેપારી બીલમાં ટેક્ષ ઉઘરાવી શકશે નહી

(૬) આવા વેપારીએ **BILL OF SUPPLY**(બીલ ઓફ સપ્લાય) આપવાનું રહેશેતેઓ ટેક્ષ ઇન્વોઇસ આપી શકશે નહિ અને બીલ માં ટેક્ષ ઉઘરાવી શકશે નહિ

(૭) સામાન્ય રીતે આવો ઓપ્શન નાણાકીય વર્ષ ચાલુ થાય તે પહેલા માંગી લેવો પડેજો કોઈ વેપારી વર્ષ દરમીયાન નવો ધંધો ચાલુ કરે તો ત્યારથી કંપોઝીશન માંગી શકાશે

(૮) તારીખ-૦૧/૦૭/૨૦૧૭ થી જેમને આ સ્કીમ નો લાભ લેવો હોય તેમની પાસે રાજ્ય બહારની ખરીદીનો કે ભારત બહારની ખરીદીનો કોઈ સ્ટોક હોવો જોઈએ નહી.

(૯) જો તારીખ-૦૧/૦૭/૨૦૧૭ ના રોજ બિન નોંધાયેલ (URP) વેપારી/વ્યક્તિ ની ખરીદી નો સ્ટોક હોય તો તેનો GST ભરવો પડે અને ત્યાર બાદ પણ URP ની ખરીદી કરે કે સર્વિસ મેળવે તો તેનો GST જુદો ભરવો પડે.

(૧૦) આ સ્કીમ નો લાભ લેનાર વેપારીએ પોતાના ધંધાના સ્થળ ઉપર બોર્ડમાં નીચે મુજબ લખવું પડે "**COMPOSITION TAXABLE PERSON**" અને દરેક બીલ ઉપર નીચે પ્રમાણે છાપવું પડે "**COMPOSITION TAXABLE PERSON NOT ELIGIBLE TO COLLECT TAX ON SUPPLIES**"

(૧૧) કંપોઝીશન ટેક્ષનો લાભ લેનાર વ્યક્તિ જો કોઈ ઇન્ટરસ્ટેટ વેચાણ કરે કે તેનું ટર્નઓવર રૂ૭૫ લાખ થી વધી જાય કે અન્ય કોઈ શરત નો તે ભંગ કરે તો આ સ્કીમ નો લાભ તે તારીખ થી મળવાનો બંધ થાય અને આવા વેપારીએ આ સ્કીમ માંથી નીકળી જવાની (WITHDRAW થવાની) અરજી ઓનલાઈન સાત દિવસમાં કરવી પડે.

(૧૨) આ સ્કીમ નો લાભ લેનાર વ્યક્તિને આ સ્કીમ માંથી નીકળી જવું હોય તો જે તારીખ થી નીકળી જવું હોય તે પહેલા ઓનલાઈન અરજી કરવી પડે.

(૧૩) આવા વેપારીને ખરીદીમાં લાગેલ કોઈ ઈનપુટ ટેક્ષ ની ક્રેડીટ મળે નહ.

(૧૪) કંપોઝીશન ટેક્ષના દર નીચે મુજબ છે.

| વેપારીનો પ્રકાર | SGST દર | CGST દર | કુલ વેરા દર |
|---|---|---|---|
| ૧) ઉત્પાદકો માટે | ૧% | ૧% | ૨% |
| ૨) રેસ્ટોરન્ટ ના ધંધા માટે | ૨.૫% | ૨.૫% | ૫% |
| 3) અન્ય સપ્લાયરો(વેપારીઓ) માટે | ૦.૫% | ૦.૫% | ૧% |

(૧૫) આ સ્કીમ નો લાભ નીચેના ઉત્પાદકો ને નહીં મલે.

(૧) આઈસ્કીમ કે ખાદ્ય બરફ બનાવનારને (૨)પાન મસાલા બનાવનારને(૩)તમાકુ ના પ્રોસેસરને

(૧૬) કાપડ,રેડીમેડ,હોઝીયરી,કટલરી,સ્ટેશનરી,મેડીકલ સ્ટોર્સ વિગેરે નો ધંધો કરતા નાના વેપારીઓ જેમનું ટર્ન ઓવર રૂ.૭૫ લાખ થી ઓછુ હોય તેમણે કમ્પોઝીશન લેવું સલાહ ભર્યું છે અને આ માટે અમને જાણ કરવી.

**(૧૩) <u>રીવર્સ ચાર્જ મીકેનીઝમ</u>** :

જયારે અન રજીસ્ટર્ડ વ્યક્તિ પાસેથી માલ કે સર્વિસ મેળવવામાં આવે ત્યારે ટેક્ષની જવાબદારી આવો માલ કે સર્વિસ મેળવનાર રજીસ્ટર્ડ પર્સનની રહેશે દા.ત. માર્કેટયાર્ડ ના રજીસ્ટર્ડ વેપારી ખેડૂત નો માલ ખરીદે તો આવા વેપારીએ પોતે જે મહિનામાં આવી ખરીદી કરેલ હોય તે મહિનો પૂરો થયેથી તેનાર૦ દિવસમાં તેનો ભરવાપાત્ર ટેક્ષ ભરી દેવો પડે.અને ટેક્ષ ભર્યા બાદ તેની તેમને ક્રેડીટ મળશે VAT કાયદા માં પણ URD ખરીદીનો ટેક્ષ ભરીને ક્રેડીટ માંગવાની જોગવાઈ હતી પરંતુ જે તે વખતે સરકારશ્રીએ આવો ટેક્ષ ભરવા પાત્ર બતાવીને તેની ક્રેડીટ માંગવાની છૂટ આપેલ એટલે URD ખરીદીનો ટેક્ષ ભરવાનો રહેતો ન હતો. પરંતુ GST કાયદામાં હજુ સુધી આવી કોઈ છૂટછાટ આપ્યાનું અમારી જાણ માં નથ.એટલે હાલની પરિસ્થીતી મુજબ URP ખરીદી કરવામાં આવે કે URP પાસેથી કોઈ સર્વિસ મેળવવામાં આવે તો રીવર્સ ચાર્જ મીકેનીઝમ પ્રમાણે આવો માલ ખરીદનાર કે સર્વિસ મેળવનાર રજીસ્ટર્ડ પર્સને (વ્યક્તિ-વેપારીએ) ટેક્ષ ભરવો પડે. અને આવી URP ખરીદીનું TAX INVOICE બનાવવું પડે અને તેમાં "રીવર્સ ચાર્જ મુજબ ભરવાપાત્ર ટેક્ષ" (**Tax Payble Under Reverse Charge**) તેમ લખવું પડે અને આવા URP ને પેમેન્ટ વાઉચર આપવાનું રહે

**(૧૪) <u>GST કાયદામાં રીટર્ન ભરવાની જોગવાઈ નીચે પ્રમાણે છે.</u>**

(૧) દરેક નોંધાયેલા વેપારી/વ્યક્તિએ માસિક રીટર્ન ભરવાના છે.મહિનો પૂરો થાય એટલે દસ દિવસમાં જે કોઈ વેચાણ /સપ્લાય કરેલ હોય તેનું રીટર્ન GSTR-1 ઓનલાઈન ભરવાનું રહેશે

(૨) ત્યારબાદ તે મહિનામાં જે ખરીદી કરેલ હોય તેનું રીટર્ન પાંચ દિવસમાં અપલોડ કરવાનું રહેશે

(૩) પ્રથમ દસ દિવસમાં બધા વેપારીઓએ વેચાણની વિગતો અપલોડ કર્યાં પછીના પાંચ દિવસમાં દરેક વેપારી પોતાની ખરીદી લોગ ઇન થઇને પોતાના એકાઉન્ટમાં જોઈ શકશેઅને કોઈ ખરીદી રહી ગયેલ હોય તો તે ઉમેરીને, કોઈ ખરીદી ખોટી આવી ગયેલ હોય તો તે કાઢીને અને કોઈ ખરીદીની રકમ માં ભૂલ હોય તો તે ભૂલ સુધારીનેGSTR-2 ભરી શકશે. આ માટે GSTR-1A તથા 2A ના રિટર્ન ભરીને અપડેશન કરવાનું રહેશે જે બન્ને વેપારીઓ ઓનલાઈન જોઈ શકશે.

(૪) વેપારી પોતે જે માલ કે સર્વિસ મેળવેલ હોય તેમાંથી જે ક્રેડીટ તેને મળવાપાત્ર ન હોય તે ઘટાડી શકશે.

(૫) GSTR-2 રીટર્નની ડ્યુ ડેટ(તારીખ) પતી ગયા પછી પાંચ દીવસમાં એટલે કે જે તે મહિનો પૂરો થયા પછી ૨૦ દિવસમાં દરેકે કુલ ભરવાપાત્ર ટેક્ષ માંથી મજરે લેવાની ટેક્ષ ક્રેડીટ બાદ કરીને નેટ જે ટેક્ષ ભરવાનો હોય તે પણ આ ૨૦ દિવસમાં ભરીને ફાઈનલ રીટર્ન GSTR-3 ઓનલાઈન ભરવાનું રહેશે

(૬) GST કાયદા હેઠળના રીટર્ન ડીજીટલ સિગ્નેચરથી કે આધારકાર્ડ કે બેંક એકાઉન્ટ થ્રુ ઈવેરીફીકેશનથી ભરવાના છે. E-VERIFICATION માં રીટર્ન ભરવા માટેનો પાસવર્ડ (OTP) વેપારીના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર જશે, જે વેપારી અમને આપે ત્યારબાદ રીટર્ન અપલોડ કરી શકાશે. અમારી દ્રષ્ટીએ ડીજીટલ સિગ્નેચર વેપારીએ મેળવી લેવી સલાહભર્યું છે જેથી પાસવર્ડ માંગવાની-આપવાની માથાકૂટ રહે નહી.

(૭)જે વેપારીને કોઈ મહિનામાં કોઈ ખરીદ-વેચાણ ન હોય તો પણ તેમને NIL રીટર્ન ભરવું ફરજીયાત છે

(૮) કોઈ રીટર્ન ભરવામાં કોઈ વિગત ખોટી લખાઈ ગયેલ હોય અને પાછળથી તે ધ્યાનમાં આવે તો તેનું રેકટીફીકેશન રીટર્નમાં થઈ શકશે પરંતુ આવું રેકટીફીકેશન જે તે નાણાકીય વર્ષ પછીના સપ્ટેમ્બર

D.P.THAKKER & CO.

માસનું રીટર્ન ભરવાની તારીખ અને વાર્ષિક પત્રક ભર્યાની તારીખ એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી થઇ શક્શે.

(૯) કંપોજીશન ટેક્ષ(લંપસમ) નો ઓપ્શન જેમણે સ્વીકારેલ હોય તેમને ત્રિમાસિક રીટર્ન ૧૮ દિવસમાં ભરવાના છે.

(૧૦) દરેક વર્ષનું વાર્ષિક રીટર્ન જે તે નાણાકીય વર્ષ પૂરું થયેથી૩૧-ડીસેમ્બર સુધી માં ભરવાનું રહેશે

(૧૧) GST ખાતા દ્વારા દરેક વેપારીને તેઓ રીટર્ન તથા ટેક્ષ ભરવામાં કેટલા રેગ્યુલર છેં તેનું રેટીંગ આપવામાં આવશે.

**(૧૫) <u>રીટર્ન મોડું ભરવાની પેનલ્ટી</u>**

(૧) માસીક કે ત્રીમાસીક રીટર્ન મોડું ભરવામાં આવશે તો દરેક રીટર્ન માટે રોજના રૂ100/- પ્રમાણે પેનલ્ટી(લેટ ફી) લાગશે. અને વધુ માં વધુ :5,000/- ની પેનલ્ટી દરેક પત્રક માટે થઈ શકશે.

(૨) વાર્ષિક રીટર્ન લેટ ભરવા માટે પણ રોજની રૂ.100/- ની લેટ ફી લાગશે. અને વધુમાં વધુ ટર્નઓવર ના 0.25 ટકા સુધી ની લેટ ફી લાગી શકશે

**(૧૬) <u>GST કાયદામાં રિફંડની જોગવાઈ</u>**

(૧) એક્સપોર્ટ કરતા વેપારીઓ તેમની ખરીદીમાં તથા મેળવેલ સર્વિસીસ માં જે કાંઈGST લાગેલ હોય તેનું રીફંડ જે તે મહિનો પૂરો થયેથીGST RFD1 માં અરજી કરીને માંગી શકશેઆવા વેપારી એ માલ એક્સપોર્ટ કરેલ ના પુરાવા આપવાના રહેશે

(૨) SEZ (સ્પેશિયલ ઇકોનોમીક ઝોન) ડેવલપર કે તેમાં ધંધો કરતા કોઈ વેપારીને જે કોઈ સપ્લાયર માલ કે સર્વિસ આપશે તે ZERO RATED સપ્લાય ગણાશે. અને આવો માલ કે સર્વિસ સપ્લાય કરનાર ને બીલ માં કોઈ વેરો લગાવવાનો રહેશે નહીં અને આવા સપ્લાયર તેમની ખરીદીમાં લાગેલ ટેક્ષ તથા તેમને મેળવેલી સર્વિસ ઉપરના ટેક્ષનું રીફંડ માંગી શક્શે.

(૩) જે વેપારીઓ/વ્યક્તિઓ ને ખરીદી માં કે સર્વિસ માં જેGST લાગતો હોય તેનો ટેક્ષ નો દર વેચાણ ના -સપ્લાય ના GST ના દર કરતા વધુ હોય તેઓ પણ રીફંડ માંગી શકશે

**(૧૭) <u>GST કાયદા હેઠળ નંબર ક્યારે લેવો પડે?</u>**

(૧) કોઈપણ નાણાકીય વર્ષમાં કોઈ વ્યક્તિનું ટેક્ષેબલ તથા ટેક્ષફ્રી માલ કે સર્વિસનું ટર્નઓવર રૂ૨૦ લાખ થી વધી જાય તો GST નંબરની માંગણી૩૦ દિવસમાં કરવી પડે.

(૨) જે વેપારીઓ VAT કાયદા હેઠળ કે સર્વિસટેક્ષ ના કાયદા હેઠળ કે સેન્ટ્રલ એકસાઈઝ ના કાયદા હેઠળ નોંધાયેલા હોય તેમણે બધાએ GST કાયદા હેઠળ માઈગ્રેશન કરીને GST કાયદામાં રજીસ્ટ્રેશન કરાવવાનું છે.

(૩) કોઇપણ વ્યક્તિ ઇન્ટરસ્ટેટ (આંતરરાજ્ય) વેચાણ કે સપ્લાય કરે તો તેમણે ફરજીયાત GST નંબર લેવો પડે.

(૪) રીવર્સ ચાર્જ મીકેનીઝમ પ્રમાણે જેમને ટેક્ષ ભરવાનો થતો હોય તેવી વ્યક્તિઓએ GST નંબર માટે અરજી કરવી પડે.

(૫) કોઈ વ્યક્તિ બીજા કોઈ ટેક્ષેબલ પર્સન ના એજન્ટ તરીકે ટેક્ષેબલ માલ કે સર્વિસ ની સપ્લાય કરે તો તેમણે GST નંબર લેવો પડે.

(૬) ઈ-કોમર્સ ઓપરેટર તથા આવા ઓપરેટર થ્રુ જેઓ માલ વેચતા હોય

(૭) જેઓ GST કાયદા હેઠળ માફી માલ કે માફી સર્વિસ ના ધંધામાં જ રોકાયેલ હોય તેમણેGST નંબર લેવાની જરૂર નથી.

(૮) રૂ. ૨૦ લાખની લીમીટ નાણાકીય વર્ષની શરૂઆત થી ગણવાની છે. એટલે કોઈ વેપારી VAT કાયદા હેઠળ માફી માલ જેવાકે કાપડ, ખાંડ, તમાકુ, નો ધંધો કરતા હોય અને તા. ૧/૪/૧૭ થી ૩૦/૬/૧૭ સુધીનું ટર્નઓવર ૨૦ લાખ થઇ ગયું હોય તો કાપડ, ખાંડ, તમાકુ હવે GST કાયદામાં ટેક્ષેબલ હોવાથી તેમણે GST નંબર ૧/૭/૧૭ થી જ લેવો પડે.

(૯) વોલન્ટરી રજીસ્ટ્રેશન પણ કરાવી શકાશે. જેમાં કોઈ ટર્નઓવર ની મર્યાદા નથી અને કોઈ ડીપોઝીટ ભરવાની નથી.

**(૧૮) <u>GST કાયદા હેઠળ સર્વિસ નો વ્યાપ :-</u>**

GST કાયદો તે માલ અને સર્વિસ બંન્ને ઉપર લાગતો કાયદો છે.સર્વિસની વ્યાખ્યા બહુજ વિશાળ છે.જે મુજબ જે માલ નથી તે બધું સર્વિસ ની વ્યાખ્યામાં ગણાશે.જેમાં પૈસા(MONEY) અને સીક્યોરીટીઝ નો સમાવેશ થતો નથી.એટલે કોઇપણ સર્વિસ જો EXEMPT SERVICEમાં પડતી ન હોય તો તેના ઉપર GST લાગશે.જયારે GST કાયદા હેઠળ રજીસ્ટર્ડ વ્યક્તિ બીજા કોઈ અન રજીસ્ટર્ડ વ્યક્તિ પાસેથી સર્વિસ મેળવે ત્યારે આવા રજીસ્ટર્ડ વ્યક્તિ રીવર્સ ચાર્જ મુજબ તેના ઉપર ટેક્ષ ભરવાને જવાબદાર થાય છેઆ સંજોગો માં નીચે કેટલીક સર્વિસીસના ઉદાહરણો આપેલ છે જેમાં **REGISTERED PERSON** ની ટેક્ષ ભરવાની જવાબદારી આવે.

(૧) માલ ખરીદતી કે વેચતી વખતે કોઈ લેબરની સર્વિસ લેવામાં આવે

(૨) પોતાના કસ્ટમર ને હોટલમાં જમાડવામાં કે ચા-નાસ્તો કરાવવામાં આવે.

(૩) ટ્રાન્સપોર્ટર પાસેથી ટ્રાન્સપોર્ટ ની સર્વિસ લેવામાં આવે (જો કે એગ્રીકલ્ચરલ પ્રોડ્યુસ (ખેત-પેદાસો) માટે ના ટ્રાન્સપોર્ટેશન ચાર્જ ઉપર કોઈ GST લાગશે નહિ. કારણ કે તેના માટે સ્પેશીયલ એકઝેમ્પશન આપેલ છે.)

(૪) ક્લીનીંગ ફેક્ટરી માં ખેતપેદાશો ક્લીનીંગ કરાવવામાં આવે.

(૫) બ્રોકરને બ્રોકરેજ ચુકવવામાં આવે

(૬) ધંધાના કસ્ટમરને હોટલમાં રાખવામાં આવે તો હોટલના બીલ ઉપર.

(૭) ધંધાના કામે ગાડી લઈને બહાર ગયા હો અને પાર્કિંગ ના પૈસા ચુકવવામાં આ.

(૮) કુરીયરની સર્વિસ લેવામાં આવે.

(૯) કોઈપણ વકીલ/કન્સલ્ટન્ટ ને ફી ચુકવવામાં આવે.

(૧૦) મકાન ભાડું કે ગોડાઉન ભાડું ચુકવવામાં આવે

(૧૧) એકાઉન્ટન્ટ ને પગારના બદલે એકાઉન્ટીંગ ચાર્જ ચુકવવામાં આવે

(૧૨) ધંધા માટે કોઈ ફંક્શન રાખેલ હોય અને મંડપના પૈસા ચુકવવામાં આવે કે કેટરર્સ ને જમવાના પૈસા આપવામાં આવે કે ફોટો ગ્રાફરને કે વિડીઓ ગ્રાફરને તેના કામના પૈસા આપવામાં આવે

(૧૩) સિક્યોરીટી સર્વિસ ધંધાના સ્થળે કે ગોડાઉન ઉપર લેવામાં આવે

D.P.THAKKER & CO.

(૧૪) દુકાનના ગાદી તકિયા ધોબી પાસે ધોવરાવવામાં આવે કે ઈસ્ત્રી કરાવવામાં આવે

(૧૫) ઈલેક્ટ્રીશીયન ને લાઈટ રીપેરીંગ ના પૈસા આપવામાં આવે

ઉપર લખ્યા તે GST પાત્ર સર્વિસીસ ના કેટલાંક ઉદાહરણો છે. ઉપરના કેસોમાં સર્વિસ આપવાવાળા વ્યક્તિ જો રજીસ્ટર્ડ હશે તો તેમના ઇન્વોઇસ માં GST ચાર્જ કરશે. અને જો તેઓ અનરજીસ્ટર્ડ હશે અને સર્વિસ મેળવનાર જો રજીસ્ટર્ડ હોય તો આવા રજીસ્ટર્ડ વ્યક્તિએ રીવર્સ ચાર્જ મીકેનીઝમ પ્રમાણે પોતે GST ભરવાનો રહેશે. અને તેની અપવાદ સિવાયની સર્વિસની તેમને ક્રેડીટ મળશે.

(૨) ટ્રાન્સપોર્ટરે ટ્રાન્સપોર્ટેશનની સર્વિસ આપવા માટે પોતે GST ભરવાનો નથી પરંતુ આવી સર્વિસ મેળવનારે ૫% પ્રમાણે રીવર્સ ચાર્જ મીકેનીઝમ મુજબ GST ભરવાનો રહેશે.

(૩) પેઢીના માલિક કે ભાગીદારો ધંધા માટેની મોટરકાર પોતે વાપરે તો પેઢીએ તેમને તેટલી સર્વિસ આપી ગણાય અને તેની કિંમત નક્કી કરીને રીવર્સ ચાર્જ મુજબ GST ભરવો પડે.

(૪) જુદીજુદી સર્વિસ માટે ૫% થી ૨૮% સુધીના દર નક્કી કરેલા છે. પરંતુ મોટા ભાગની સર્વિસીસ ૧૮% માં આવે છે. એટલે જે તે વેપારીઓએ તેમને લાગુ પડતી સર્વિસીસના દર અમને પૂછી લેવા

ઉપરની માહિતી તમને GST કાયદો સમજવામાં તથા તેનો અમલ કરવામાં ઉપયોગી થશે. તેવી આશા રાખીએ છીએ. GST કાયદો નવો છે. અને તેમાં ઉપરા-ઉપર ઘણા સુધારા થયા છે. તથા નવા નોટીફીકેશન પણ આવતા રહે છે. એટલે આગળ ઉપર જે માહિતી આપેલ છે. તે અમે કાયદાના અમારા અર્થઘટન મુજબ આપેલ છે.અને જે બાબતમાં વિશેષ સમજની જરૂર હોય તેરૂબરૂ મળી સમજી લેવું.

**કુશળ હશો.**

**લી.**

**ધીરુભાઈ - કનુભાઈ - પિયુષભાઇ - નિખીલભાઈ**

<u>તા.ક:</u>

તા ૨૮/૦૬/૨૦૧૭ ના નવું નોટીફીકેશન બહાર પાડી URP પાસેથી RP દરરોજ કુલ રૂ.૫૦૦૦ સુધીની સર્વિસ કે માલ લે તો રીવર્સ ચાર્જ મુજબ નો GST ભરવામાંથી માફી આપેલ છે. એટલે મજુરી અને બીજી પરચુરણ સર્વિસીસ ને આ રીતે માફ કરેલ છે.

D.P.THAKKER & CO.